Shreenidhi
We Know Money

"Shreenidhi Investments"

શું આપ રોકાણના વિકલ્પોને લઇ મુંજવણમાં છો ?

- આજના જટીલ અને અસ્થીર બજારમાં આપના રોકાણને નિરંતર દેખરેખ તથા ધ્યાન દેવાની જરૂરીયાત છે.
- આપના પોતાના વ્યવસાયમાં જરૂર પડતા સમય તથા ઉર્જાની માંગને લીધે, આપનું આપના રોકાણ તરફની બાબતો પર પૂરતુ ધ્યાન રહી શકતુ નથી.
- અમે શ્રીનિધીમાં આપની આ સ્થીતી સમજીને જરૂરીયાત પ્રમાણે આપને રોકાણ અંગેની માહિતી તથા માર્ગદર્શન આપવમાં આવે છે.

અમારી સેવાઓ :-

- ઇક્વીટી
- કોમોડીટી
- પોર્ટફોલીયો મેનેજમેન્ટ
- કરન્સી ટ્રેડીંગ
- મ્યુચયલ ફંડ
- આઇ.પી.ઓ.
- લાઇફ ઇન્સ્યુરન્સ
- જનરલ ઇન્સ્યુરન્સ
- કંપની ફિક્સ ડીપોઝીટ
- પોસ્ટ, એફ.ડી., પી.પી.એફ., કે.વી.પી.
- ટેક્ષ સેવીંગ બોન્ડ
- વેસ્ટર્ન યુનિયન મની ટ્રાન્સફર
- લોન

શેર સર્ટીફીકેટનું પુરતુ માર્ગદર્શન

ખાસ નોંધઃ તમારા શેર સર્ટીફીકેટને ડીમેટ ખાતામાં ચડાવવા માટેનું સંપુર્ણ માર્ગદર્શન.

"અમારા દ્વારા કરાયેલા રોકાણ અંગેની યોગ્ય સમયે યોગ્ય સલાહ એજ અમારો ધ્યેય રહેલો છે."

- રોકાણ સલાહકાર તરીકે અમારો પ્રયાસ છે કે અમારા દ્વારા કરાયેલા રોકાણની સલાહ એજ દર્શાવે જેના પર અમે શ્રીનિધી નુંનિર્માણ કર્યુ છે.

"અમો શ્રીનિધી માં ગ્રાહકોને ઉચ્ચસ્તરીય સેવા આપવા કટીબદ્ધ છીએ."

સંપર્ક :-

નિરજ વ્યાસ
Mo: 99984 06168

સૌરભ પંડયા
Mo: 95100 33331

"Shreenidhi Investments"
શોપ નં. ૨૩, શીલ્પન ટાવર, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ૩૬૦૦૦૭
ફોન : ૦૨૮૧-૨૫૮૨૭૧૦

"અમો આપના પરસેવાનું મુલ્ય જાણીએ છીએ."

ફ્રાન્સમાં પ્રોજેક્ટ અર્થે પસંદગી પામતા વિરાટ ઝાલા

રાજકોટ ખાતે આત્મીય કોલેજ ખાતે બી.ઈ.(ઇસી)નો અભ્યાસ પૂર્ણ કરી મૈસુર સ્થિત ઈન્ફોસીસ કંપનીમાં ફરજ બજાવતા અમદાવાદ નિવાસી શ્રીમતી યોગિનીબેન તથા સુનીલ કુલીનચંદ્ર ઝાલાના પુત્ર વિરાટ ઝાલા કંપની તરફથી ફ્રાન્સમાં ટુલુસ ખાતે પ્રોજેક્ટ માટે પસંદગી પામ્યા. ગત વર્ષે ઈન્ફોસીસ કંપની તરફથી 'બેસ્ટ એમ્પ્લોયી'નો ખિતાબ મેળવ્યા બાદ ફ્રાન્સના પ્રોજેક્ટ માટે પસંદ થઈ આ એવોર્ડને યથાર્થ પૂરવાર કરેલ છે. અભિનંદન.

રીસર્ચ પ્રોજેક્ટની વૈશ્વિક કક્ષાએ પ્રકાશન માટે પસંદગી

રાજકોટ ખાતે ટી. એન. રાવ કોલેજ માંથી એમ.બી.એ.(ફાયનાન્સ)નો અભ્યાસ પૂર્ણ કરનાર અંજારના ઉદય ભુવનેશ છાયાએ અભ્યાસના અંતે રીસ્ક મેનેજમેન્ટ એન્ડ ફોરેન એક્ષચેન્જ વિષય પર તૈયાર કરેલ ગ્રાન્ડ રીસર્ચ પ્રોજેક્ટ જર્મન પબ્લીકેશન દ્વારા વૈશ્વિક કક્ષાએ પ્રકાશન માટે પસંદગી કરવામાં આવી છે. જે પુસ્તક સ્વરૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા પુસ્તક વિક્રેતાના માધ્યમથી વિવિધ દેશોમાં ઉપલબ્ધ થશે.ઉપરાંત એમેઝોન,બાર્ન્સ એન્ડ નોબલ, ફ્લપી કાર્ટ જેવી ઓનલાઈન સાઇટસ ઉપર પણ આ પ્રકાશન મુકવામાં આવેલ છે.અભિનંદન સહ શુભેચ્છા.

દિલીપભાઈને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત થયો

સુગમ સંગીતમાં અનેરૂં પ્રદાન આપી અનેક માન સન્માનો મેળવનાર પ્રસિધ્ધ સંગીતકાર,ગાયક શ્રી દિલીપભાઈ બી. ધોળકિયાને તાજેતરમાં રીલાયન્સ ટીવી નેટવર્કના ભવ્ય સમારંભમાં બીગ ટીવી ગુજરાતીનો 'એન્ટરટેઇન્મેન્ટ લાઈફટાઈમ એચીવમેન્ટ' અવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ અવોર્ડ જ્ઞાતિ માટે જ નહીં ગુજરાત અને ગુજરાતીઓના ગૌરવ સમાન છે.અભિનંદન.

યોગી ધોળકિયાની અનેરી સિદ્ધિ

તાજેતરમાં દિલ્હી ખાતે કોમનવેલ્થ દેશોના રમતોત્સવ યોજાય ગયો. તેના સમાપન કાર્યક્રમમાં પ્રસિધ્ધ સંગીતકાર શાંતનુ મોહિત્રેના નિર્દેશનમાં શાનના કંઠે ગાયેલ ગીતનું સમગ્ર સાઉન્ડ ડિઝાઈનીંગ અને રેકોર્ડીંગ શ્રીમતી ખેવના અને શ્રી કંદર્પ ધોળકિયાના પુત્ર સાઉન્ડ એન્જીનીયર યોગી ધોળકિયાએ કર્યું હતું.

ઉદ્‌ઘાટન સમારંભનાં સંગીતની જવાબદારી એ. આર. રહેમાને સંભાળી હતી તેનો સાથ રજત દિલીપભાઈ ધોળકિયાએ આપ્યો હતો.

જ્ઞાતિને ગૌરવ બક્ષનાર સંગીતજ્ઞ કુટુંબને અભિનંદન આપી સંગીતને સૂરીલું બનાવતા રહે તેવી શુભકામના પાઠવીએ.

ચિ. ઋત્વી બુચનું આરંગેત્રમ્...

વડોદરાના હાલ અંબુજાનગર સ્થિત શ્રી શૈલેષ કાંતીલાલ બુચ અને શ્રીમતી અર્ચના શૈલેષ બુચ (અંબરીષભાઈ કિકાણીનાં પુત્રી)નાં પુત્રી કુ. ઋત્વીએ શ્રીમતી ઈલાક્ષીબેન તથા ચંદન ઠાકોરના માર્ગદર્શન હેઠળ ભારત નાટયમની કઠોર સાધના પૂર્ણ કરી માત્ર ૧૨ વર્ષની વયે તા.૨૬ મેના રોજ ટાગોર હોલ ખાતે આરંગેત્રમ્ રજૂ કરી જ્ઞાતિ અને કુટુંબને ગૌરવ બક્ષ્યું છે. આ શુભ અવસરે મુખ્ય અતિથિ તરીકે જ્ઞાતિના ગૌરવસમા પ્રસિધ્ધ સંગીતકાર શ્રી દિલીપભાઈ ધોળકિયાએ ઉપસ્થિત રહી ચિ. ઋત્વીને આશીર્વાદ આપ્યા હતા.

કોર્પોરેટર તરીકે હિમાંશુ દેસાઈ વિજયી થતાં સન્માન

તાજેતરમાં યોજાયેલ મહાનગરપાલિકાની ચૂંટણીમાં શ્રી હિમાંશુભાઈ દીવાકરભાઈ દેસાઈએ ઘોઘા સર્કલ વોર્ડ માંથી ભારતીય જનતા પક્ષ તરફથી ચૂંટણી જંગ લડી નજીકના ઉમેદવારને હરાવી જંગી બહુમતીથી કોર્પોરેટર તરીકે ચૂંટાય આવ્યા છે. ઘણા લાંબા સમય પછી જ્ઞાતિબંધુ અને તે પણ યુવાન ચૂંટાઈ આવે ત્યારે હર્ષની લાગણી સાથે કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ અનુભવે તે સ્વાભાવિક છે.જેને વધાવવા અ.ભા.ના.પરિષદના ઉપક્રમે તેમને સન્માનિત કરવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાખા પ્રમુખશ્રી ગજેન્દ્રભાઈ મહેતાએ શ્રી હિમાંશુ દેસાઈનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.જ્ઞાતિ વડીલ શ્રી હરકાંતભાઈ દેસાઈએ આશીર્વચન અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ શુભેચ્છા પાઠવ્યા બાદ સૌ આઈસ્ક્રીમની ઠંડક મેળવી વિખરાયેલ.

(૨) સાહિત્ય, સંસ્કાર અને કલાનો ત્રિવેણી સંગમ ધરાવતી જ્ઞાતિ સંસ્થા હાટકેશ પરિવાર તરફથી પણ શ્રી હિમાંશુ દેસાઈનો સન્માન સમારંભ તા. ૨૮/૧૧ના રોજ શિવશકિત હોલમાં શ્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. તેઓએ વકતવ્યમાં આ કદમને બિરદાવી,નાગર જ્ઞાતિની નિષ્ઠા અને પ્રમાણિકતાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. મેયરશ્રી નીમુબેન બાંભણીયાએ હિમાંશુભાઈનું અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં જ્ઞાતિ અગ્રણીઓ ઉપરાંત મેયર ઉપરાંત ઈતર જ્ઞાતિના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. યુવાનોના લીડર શ્રી ધીરેન્દ્રભાઈ વૈશ્નવે આપણી સંસ્કૃતિ અને જ્ઞાતિની વિભૂતિઓનો પરિચય આપ્યો હતો. જાણીતા અર્થશાસ્ત્રી શ્રી રઘુવીરભાઈ મહેતાના હસ્તે શ્રી સૌરભભાઈને શાલ ઓઢાડી મોમેન્ટો આપવામાં આવ્યો હતો.

(૩) આ ઉપરાંત વોરા પરિવાર તરફથી પણ હિમાંશુભાઈનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. વડીલ શ્રી જીતુભાઈ વોરા તથા શ્રી ત્રિલોચનભાઈ ઓઝાએ આશીર્વાદ પાઠવ્યા બાદ જયંતભાઈ (પ્રશાંતભાઈ) વોરાએ મોમેન્ટો અર્પણ કરેલ. કાર્યક્રમનું સંચાલન રાજેશભાઈએ તથા આભારવિધિ શ્રી વૈભવ વોરાએ કરી હતી.

(જ્ઞાતિના મૂળમાં પ્રમાણિકતા,સેવા,સમર્પિતતા જેવા સદગુણો પડેલા જ છે ત્યારે શ્રી હિમાંશુભાઈ પણ તેમાંથી બાકાત ન જ હોય, વળી આજના રાજકારણમાં શિક્ષિત અને યુવાનોની જરૂર છે ત્યારે અભિનંદન સાથે બંનેના સમન્વયથી તેઓ સમાજના ઉત્થાનમાં નીતીમત્તા સાથે આગેકૂચ કરે તેવી જ્ઞાતિ વતી બરછી પરિવાર શુભકામના પાઠવે છે.)

વકતૃત્વમાં અગ્રેસર જીત સ્વાદિયા

તાજેતરમાં યોજાયેલ બૃહદ વડોદરા કક્ષાની 'મારી કલ્પનાનું વડોદરા'વિષયક વકતૃત્વ સ્પર્ધામાં જીત સંજય સ્વાદિયાએ છટાદાર વકતવ્ય આપી આશરે ૧૭૫૦ વિદ્યાર્થીઓ માંથી પ્રથમ સ્થાન મેળવી મહારાજા ગાયકવાડ તથા પદ્મશ્રી સિતાંશુ મહેતાના હસ્તે ટ્રોફી તથા લેપટોપ મેળવી સન્માનિત થયા. ચિ. જીત સ્વાદિયાએ વડોદરામાં વસવાટના પ્રથમ વર્ષે જ અંબે સ્કૂલમાં અભ્યાસ સાથે ઈતર પ્રવૃતિમાં પણ અગ્ર રહેવા બદલ 'સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી'નો ખિતાબ પણ મેળવ્યો.

ચિ. જીત તેમના માસી અલ્પના મજમુદાર (ગુજરાતી ટીવી ફિલ્મના અભિનેત્રી) તથા આંશિક રીતે પિતાના નકશે કદમ ચાલી રહયા છે. ટૂંક સમયમાં 'મર્મની વાતો – જીત કહે છે જાણો'નામક આલ્બમ પ્રસિધ્ધ થનાર છે. અભિનંદન.

ધી નાગર વિદ્યોતેજક સહકારી મંડળી, મુંબઈ

મુંબઈ ખાતેની શિક્ષણના ઉત્તેજન માટે વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક કામગીરી કરી રહેલ આ સંસ્થાના તાજેતરમાં મળેલ અહેવાલમાં પ્રમુખશ્રી નવીનભાઈ માન્કરના જણાવાયા મુજબ ચાલુ વર્ષે કુલ ૪૭ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૩૪૯૦૦/ જેવી રકમ શિષ્યવૃત્તિ/પારિતોષીકો પેટે ફાળવવામાં આવેલ. સંસ્થાના અહેવાલમાં ૨૦૦૫ થી '૧૦ સુધીની નાણાકીય આંકડાવારી આપવામાં આવી છે. સાથે નવા શેરધારકો તથા દાતાઓના નામો પ્રસિધ્ધ કરવામાં આવ્યાં છે. ૨૦૦૯-૧૦ના સરવૈયામાં વ્યાજની આવક રૂા. ૭૭૩૯૦/- દર્શાવવામાં આવી છે, જ્યારે રૂા. ૬૭૭૨૯૩/- વિદ્યાર્થી લોન આવક તરીકે અને રૂા. ૩૨૭૭૯૦/- શેર ભંડોળ દર્શાવાયા છે. ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂા. ૪૫૦૦૦૦ની ચાર વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે.

આજે જ્ઞાતિજનોનો વિશ્વાસ સંપાદિત કરનાર હોદેદારોની નિઃસ્વાર્થ ભાવના તથા પારદર્શી વહીવટને બીરદાવવાં જ ઘટે...

ભાવનગર ખાતે યોજાયો દિપોત્સવ - ૨૦૧૦

ધી ભાવનગર નાગર જીમખાનાના ઉપક્રમે 'દિપોત્સવ-૨૦૧૦' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ-કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. સૌપ્રથમ શરદપૂર્ણિમાના રોજ રાત્રે રાસ ગરબા સાથે અલ્પાહારના આયોજનમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉત્સાહભેર જોડાયેલ. ત્યાર પછીના દિવસોમાં ચેસ કેરમ બાળકો માટે રમતગમત સ્પર્ધાઓ, નિબંધ,કવીઝ,વાનગી,અંતાક્ષરી જેવી અનેક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. દરેક સ્પર્ધામાં દરેક વયના બંધુઓ ઉમળકાભેર જોડાયા હતાં.અંતાક્ષરીમાં ૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ આ કાર્યક્રમની લોકપ્રિયતા સાબિત કરી હતી.અંતાક્ષરીનું આગવી શૈલીમાં સંચાલન નીરવ મહેતા અને સંગતિ મહેતાએ કર્યું હતું.હરિનાગર નિવાસના નવીનીકરણ બાદ બનાવવામાં આવેલ હોલ (ડોમ સાથેનો) આ તબકકે પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાઇ ગયો હતો.

ધનતેરસની સાંજે દિવાળીના તહેવારોના આગમનને વધાવવા યશવંતરાય નાટયગૃહ ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ. જેનો પ્રારંભ પંકિત દેસાઈની ગણેશ સ્તુતિથી થયા બાદ સાવ નાની વયના બાળકો દ્વારા 'કૃષ્ણ જીનકા નામ હૈ' સ્તુતિની પ્રભાવશાળી રજુઆત કરવામાં આવ્યા બાદ વિવિધ નૃત્યકૃતિઓની પ્રસ્તુતિમાં ૧૦-૧૫ વર્ષના બાળકોની પૂર્વ-પશ્ચિમના સમન્વય જેવી 'ફયુઝન' નૃત્યકૃતિ 'નમો નમઃ' પ્રેક્ષકોની અભૂતપુર્વ દાદ મેળવી શ્રેષ્ઠ કૃતિ પૂરવાર થયેલ.અર્વાચીન ગરબા,ગરબી રાસ, વર્ષાનૃત્ય તથા સરેરાશ ૫૦ વર્ષની ઉંમરના બહેનો દ્વારા રજૂ થયેલ ગરબાએ પણ સૌની સરાહના મેળવી હતી. આ વયે પણ બહેનોનો ઉત્સાહ, ધગશ કાબીલેદાદ કહી શકાય.તમામ કૃતિઓને ભકિત ઓઝાનું નૃત્ય નિર્દશન સાંપડેલ જ્યારે ગરબી અને રાસમાં કુલદીપ વૈદ્ય અને ઘર્માંશુ મહેતાનું નિર્દશન કર્યું હતું. આ ઉપરાંત કથ્થક નૃત્ય, યોગ નિદર્શન, ફિલ્મી ગીતો પર ડાન્સ જેવી રજૂઆતો દ્વારા કાર્યક્રમ વિવિધતાસભર બની રહયો હતો.

નૂતન વર્ષની સાંજે હરિનાગર નિવાસ ખાતે શ્રી સંજયભાઈ દેસાઈ, હસિતભાઈ મહેતા તથા નીપાબેન મહેતાની વિશેષ ઉપસ્થિતિમાં જ્ઞાતિજનોનું સ્નેહમિલન તથા શૈક્ષણિક પારિતોષીક વિતરણ તથા ઉપરોકત સ્પર્ધાઓનાં ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી ખમીર મજમુદારના હસ્તે ભાવનગરના ઘોઘા સર્કલ વોર્ડના નવા ચૂંટાયેલ કોર્પોરેટર શ્રી હિમાંશુ

દેસાઈનું અભિવાદન કરવામાં આવયેલ. કાર્યક્રમના પ્રારંભે પ્રાંજલિ મહેતાએ પ્રાર્થના ગીત રજૂ કર્યા બાદ શ્રી હરકાંતભાઈ દેસાઈએ આશીર્વચન પાઠવ્યા હતા તથા પ્રમુખશ્રીએ પ્રાસંગિક સંબોધન કરી, ત્રણેય મહાનુભાવોએ મનનીય વકતવ્ય આપેલ. આઈસ્ક્રીમના અંતે કાર્યક્રમ તથા દિપોત્સવ-૨૦૧૦ની પૂર્ણાહુતિ થઈ હતી.

દિપોત્સવ-૨૦૧૦ને સફળ બનાવવામાં ખમીર મજમુદાર, અભિનવ મહેતા, કમલેશ દેસાઈ, પાર્થ દેસાઈ, ઉત્પલ દેસાઈ, પ્રશાંત-મલય ઓઝા, રાજેશ વ્હોરા, ભકિત-આકાંક્ષા ઓઝા તથા નીરવ મહેતાએ(અહેવાલ આલેખન સહીત) તેમનું યોગદાન આપ્યું હતું.

અખિલ ભારતીય નાગર પરિષદ, જૂનાગઢ

સંસ્થાના ઉપક્રમે જૂનાગઢથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ ગાંઠીલા ગામ ખાતે આવેલ ઉમિયા માતાજીના મંદિરના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪ વર્ષના બાળકથી માંડી ૮૪ વર્ષના વયના વડીલ સુધી કુલ ૧૨૮ જ્ઞાતિબંધુઓ જોડાયેલ.સવારના ચા નાસ્તા તેમજ ભોજન સાથે નાણાવટી બ્રધર્સના સંગીતના સથવારે ગરબાની મોજ માણેલ.

બીજો પ્રવાસ તા. ૧૨/૯ના રોજ વાંકાનેર ખાતેના જડેશ્વર મહાદેવનો રાખવામાં આવેલ. દર્શન બાદ સવારે ૧૨:૩૦ વાગ્યે જડેશ્વર ખાતે ભોજન લઈ વળતાં રફાળેશ્વર, ગોંડલ ભુવનેશ્વરી માતાજીના દર્શન આરતી બાદ ભોજનને ન્યાય આપી પરત ફરેલ. જેમાં ૬૦ બંધુઓ જોડાયેલ.

પ્રમુખશ્રી ઋષિકેશ બુચની રાહબરી હેઠળ નિષ્ઠાવાન સભ્યોની જહેમતથી સુંદર આયોજન બદલ જ્ઞાતિજનોની પ્રશંસા પ્રાપ્ત કરેલ.

શ્રી કિશોરભાઈ માંકડ લિખીત પ્રેમાદેવી તથા ફોગટફેરા

વિશેષ હાસ્યલેખનમાં ગણનાપાત્ર લેખકોમાં સ્થાન ધરાવતા શ્રી કિશોરકાન્ત ભોગીલાલ માંકડ લિખિત સામાજીક નવલકથા 'પ્રેમાદેવી' તથા હાસ્ય નવલ 'ફોગટ ફેરા' નામક બે પુસ્તકો તાજેતરમાં પ્રકાશિત થયાં. આ પુસ્તકની કિંમત રૂા. ૧૭૦/- છે, જે જ્ઞાતિજનો રૂા. ૧૦૦/-ની વિશેષ કિંમતે ૩ અખિલેશ સોસાયટી જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧ ખાતેથી મેળવી શકશે.

ગૌરવ સાથે નોંધ લેવી ઘટે કે મુ. કિશોરભાઈએ તેઓની લેખનયાત્રા દરમ્યાન 'શ્રી અરવિંદ' 'હાસ્ય વાટિકા' 'એરિસ્ટોટલ'નું નિકોમેકિયન નીતીશાસ્ત્ર' 'તૂફાન શમ્યું' જેવાં અનેક વૈવિધ્યસભર પુસ્તકો સમાજને આપ્યાં છે તો ગુજરાતના પ્રખ્યાત હાસ્યલેખકોના હાસ્યનિબંધોનો અંગ્રેજી અનુવાદ કરી પુસ્તક રૂપે પ્રસિધ્ધ કરેલ છે. આજે ૮૩ વર્ષની જૈફ વયે સતત આ લેખનયાત્રા આગળ ધપાવી રહયા છે.

('વાંચે ગુજરાત'ના નારામાં ગુજરાતને વાંચતું કરનાર અને રાખનાર આવા સિધ્ધહસ્ત લેખકોનું સન્માન કરવાનું કો'કને સ્ફૂરે તેમ ઈચ્છીએ...! જો કે આ તો નકકર કામ છે !!...અત્યારે આપણે તો બીરદાવીએ...!!)

બેંન્કીગ ક્ષેત્રે અગ્રેસર શ્રી રસેન્દુ બુચ

જામનગર ખાતે અલ્હાબાદ બેંકમાં સ્પ. આસીસ્ટન્ટના હોદા ઉપર ફરજ બજાવતા શ્રી રસેન્દુ વૈકુંઠરાય બુચે માત્ર એક માસના ટૂંકા ગાળામાં જ ઉત્કૃષ્ટ કામગીરી કરી ૧૬૫ જેટલા નવા ખાતા અને રૂા. ૫ કરોડ જેવી માતબર સેવિંગ્સ લો કોસ્ટ ડીપોઝીટ એકત્ર કરી મોબીલાઈઝેશન સ્કીમમાં અત્યાર સુધી સમગ્ર ઝોનમાં પ્રથમ નંબર મેળવેલ છે.

આસીસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટર તરીકે થિયુકેશ દેસાઈની વરણી

ઉનાના જાણીતા એડવોકેટ શ્રી કનકેશ્વરી ટ્રસ્ટના માનદ્ ટ્રસ્ટી, ઉના તાલુકા પંચાયત ગ્રાહક હીત રક્ષા મંડળના સેક્રેટરી, જાયન્ટસ ગ્રુપ ઓફ ઉનાના સ્થાપક, ઉના તાલુકા પંચાયત, જૂનાગઢ જીલ્લા પંચાયત, એલ.આઇ.સી. હાઉસીંગ ફાયનાન્સ તથા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડના પેનલ એડવોકેટશ્રી થિયુકેશભાઈ રમેશચંદ્ર દેસાઈની દીવ જીલ્લા કલેકટરશ્રી દ્વારા આસીસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટર તરીકે નિયુકતી કરવામાં આવી.

<u>સગપણ-સગાઈ</u>

* અમદાવાદ સ્થિત પ્રણવભાઈ મહેતાનાં પુત્રી નૈસર્ગીનું સગપણ અમદાવાદના ત્રિલોચનભાઈ શશીકાન્તભાઈ ધોળકિયાના અમેરીકા સ્થિત પુત્ર ડો. મૌલિક સાથે.
* ભાવનગરના શ્રી મલયભાઈ કુલીનચંદ્ર ઓઝાના પુત્ર ભૌમિકનું સગપણ જૂનાગઢના ધનંજયભાઈ વૈશ્નવના પુત્રી બીજલ સાથે.
* જામનગર સ્થિત વિરલ યોગેન્દ્રભાઈ વૈશ્નવનું સગપણ ભાવનગર સ્થિત નિયતિ રાજીવભાઈ ત્રિવેદી સાથે.
* રક્ષેશ મિલનભાઈ બુચનું સગપણ જામનગર સ્થિત કિર્તિભાઈ વૈશ્નવની પુત્રી સ્તુતિ સાથે.
* રાજકોટ સ્થિત વાલ્મિકભાઈ જનાર્દનભાઈ ઢેબરના પુત્ર કંદર્પનું સગપણ જામનગરના નૈષધભાઈ કાંતીલાલ બુચનાં પુત્રી ધાત્રી સાથે.
* વડોદરા સ્થિત મૃગેશ પ્રવિણચંદ્ર મંકોડીનું સગપણ રાજકોટ નિવાસી મૌસમી પ્રબોધભાઈ બક્ષી સાથે.
* અમદાવાદના જવીન હિમાંશુભાઈ ધોળકિયાનું સગપણ રાજકોટનાં દિર્ઘા અતુલભાઈ દેસાઈ સાથે. (માધ્યમ બરછી).
* રાજકોટ સ્થિત ડો. અસિત એચ. વૈશ્નવનાં પુત્રી હેલીનું સગપણ મુંબઈ સ્થિત નીરૂપમભાઈ એસ. મહેતાના ઓસ્ટ્રેલીયા સ્થિત પુત્ર વિશ્રુત સાથે.

* <u>પ્રભુતામાં પગલાં...</u>

* અમદાવાદ સ્થિત હિમાદ્રી જગવિહારીભાઈ મહેતાનાં પુત્રી ધ્વનીષાના લગ્ન ભાવનગર નિવાસી હિમાંશુભાઈ મજમુદારના પુત્ર હસિત સાથે.
* વડોદરા સ્થિત શશિન પ્રિયવદનભાઈ માંકડનાં પુત્રી કાવ્યાના લગ્ન વડોદરા સ્થિત અવધૂતભાઈ બહાદુરભાઈ બુચના પુત્ર કુલદીપ સાથે.
* અમદાવાદ સ્થિત મહેશ નવીનચંદ્ર માંકડનાં પુત્રી ભાષાના લગ્ન અમદાવાદ સ્થિત રામ વચ્છરાજાનીના પુત્ર હર્ષલ સાથે.પાલનપુર સ્થિત હરીશભાઈ માંકડનાં પુત્રી નિધિના લગ્ન રાજકોટ સ્થિત ભાલેન્દુ કિકાણીના પુત્ર વૈભવ સાથે.
* ભુજના શ્રી વિરેન્દ્રરાય અંતાણીનાં પુત્રી કૃતિના લગ્ન ગાંધીનગર સ્થિત અક્ષય રાણાના પુત્ર તેજસ સાથે.
* વડોદરા સ્થિત જગદીપભાઈ વિજયભાઈ માંકડના પુત્ર જયના લગ્ન સુરત સ્થિત કાર્તિકભાઈ વિપીનભાઈ મહેતાનાં પુત્રી આશીકા સાથે.

(કલમ કડછી બરછી-ડીસેમ્બર-૨૦૧૦)

ધુર્જટીભાઈ મહેતાને 'ધન્વંતરી અવોર્ડ'

ભાવનગર ખાતે સમાજ માટે પથદર્શક એવા કોઈપણ વિશિષ્ટ સિદ્ધિ કે સેવા સાથે સંકળાયેલા કલાકારો, સેવકોને સન્માનિત કરવાનું ઉમદા કાર્ય 'સન્માન સેવા ટ્રસ્ટ' નામક સંસ્થા કરી રહેલ છે. આ સંસ્થાના ઉપક્રમે ભાવનગર ખાતે કોર્પોરેશન સંચાલિત શાળામાં સંગીત શિક્ષક તરીકે કાર્યરત પ્રજ્ઞાચક્ષુ શ્રી ધુર્જટીભાઈ મહેતાને તેઓના આયુર્વેદ ક્ષેત્રના મૂલ્યવાન પ્રદાન બદલ ૧૫ ઓગષ્ટના રોજ કલેકટરશ્રી, મેયર તથા અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ વિશેષ સમારંભમાં ભાવનગર રત્ન અંતર્ગત 'ધન્વંતરી એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે નોંધ લેવી ઘટે કે રોટરી કલબ તરફથી વર્ષ ૨૦૦૦ તથા ૨૦૦૩માં તેઓને વોકેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અભિનંદન સાથે પોતાના ક્ષેત્રમાં સિદ્ધિ સાથે પ્રસિદ્ધિ મેળવતા રહો તેવી શુભેચ્છા પાઠવીએ.

જૂનાગઢ ખાતે દેસાઈ પરિવારનો કુટુંબમેળો

જૂનાગઢના પ્રેરણાધામ ખાતે મૂળ મહુવાના સ્વ. મહાશંકર અને મંછાશંકર દેસાઈની ચોથી- પાંચમી પેઢીના બૃહદ પરિવારનું દિવાળીના દિવસો દરમ્યાન મિલન થયેલ. આ પ્રસંગે ૯૪ વર્ષના શ્રી અરૂણભાઈ દેસાઈ અને શ્રીમતી સાધનાબેન દંપતીનું તેઓના લગ્નજીવનના સાઈઠ વર્ષ પૂર્ણ કરવા બદલ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યા બાદ ૭૫ વર્ષના અન્ય વડીલોનું ભૂલકાંઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ગિરનાર અને દેવાળીયા પાર્કમાં સિંહ દર્શન લ્હાવો લીધો. ત્રણ દિવસના આવા વૈવિધ્યસભર કાર્યક્રમોને અંતે સૌ સ્વસ્થાને જવા રવાના થયેલ. સર્વશ્રી કિરણભાઈ મ. દેસાઈ, મહેશભાઈ આઇ. જોષીપુરા (અમદાવાદ),પરેશભાઈ અવાશીયા (જૂનાગઢ) અને રાજેશભાઈ દેસાઈ (રાજકોટ)ની જહેમતથી આયોજનને સફળ બનેલ.

: મંગલ મેરેજ બ્યુરો : 'બ્રીજ' બ્લોક નં. ૫, રગુરૂદેવ પાર્ક, અમરનાથ મંદિર પાછળ, બીગ બજાર નજીક,૧૫૦'રીંગ રોડ,રાજકોટ –૫. ફોન : ૦૨૮૧–૨૫૭૦૬૮૧(સંપર્ક : સવારે ૧૧ થી ૧)
email - mamtadhebar@yahoo.in

વડનગરા તથા વિસનગરા,યુએસએ. સ્થિત યુવકોની યાદી

(૧) સપ્ટે.-૭૯ મ્યુઝીકમાં માસ્ટર ડીગ્રી ધરાવતા વડોદરા સ્થિત યુવકને સમકક્ષ શોખ ધરાવતી યુવતી આવકાર્ય (૨) ડીસે. ૮૧ બેંગ્લોર સ્થિત EC Eng., MBA મલ્ટીનેશનલ કંપનીમાં મેનેજર.
(૩) નવે. ૮૧ વડોદરા સ્થિત માંગલિક M.Sc.કોચીંગ કલાસ લેકચરર માટે સમકક્ષ પાત્ર.
(૪) સુરત સ્થિત મીકેનીકલ એન્જી. MBA મલ્ટીનેશનલ કાું.માં જોબ માટે સમકક્ષ પાત્ર.
(૫) માર્ચ ૮૩ આર્કીટેકટ એન્જી. મલ્ટીનેશનલ કાું. માં જોબ માટે સમકક્ષ પાત્ર.
(૬) ઓકટો. ૮૪ રાજકોટ સ્થિત MBBS (MD) (ચાલુ) લેકચરરને ઉચ્ચ શિક્ષિત કન્યા આવકાર્ય.
(૭) મે ૮૫ કોમ્પ્યુટર એન્જી. મલ્ટીનેશનલ કાું.માં મુંબઈ સ્થિતને સમકક્ષ પાત્ર આવકાર્ય
(૮) જાન્યુ. ૮૫ પૂના સ્થિત માંગલિક ડીપ્લોમા મીકે. એન્જી. MBA ડીગ્રી એન્જી.(ચાલુ) માટે મહારાષ્ટ્ર સ્થિત યુવતીને પ્રથમ પસંદગી.

NRI યુવકો : જૂલાઈ ૮૪ અમેરીકા સ્થિત ૫'.૧૦" માંગલિક એન્જીનીયર MSને સમકક્ષ કન્યા. નવે. ૮૩ અમેરીકા સ્થિત માંગલિક Comp.Eng. MS (USA) માટે સમકક્ષ કન્યા.

☺☺☺☺☺ સમાચાર સંચય ☺☺☺☺☺

પોરબંદર : અત્રેના શ્રી પોરબંદર વડનગરા નાગર જ્ઞાતિ ટ્રસ્ટની યાદી અનુસાર હાટકેશ્વર મંદિરના હાલના મંદિરનો સ્લેબ જીર્ણ થઈ જતાં નવો બનાવી અન્ય મરામત કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રૂા. ૩ થી ૪ લાખનો ખર્ચ અંદાજમાં આવેલ છે. સમસ્ત જ્ઞાતિના તન મન ધનના સહયોગ વગર આ કાર્ય અશકય છે. આ માટે પોરબંદર સ્થિત અને બહાર વસતા જ્ઞાતિજનોને પોતાને યથાયોગ્ય અનુદાન આપી સહકાર આપવા અપીલ કરવામાં આવે છે. સ્થાનિક જ્ઞાતિજનો અનુદાન આપવા શ્રી અતુલ એસ. વૈશ્નવ,ભગવતિ શેરી, સ્ટેટ લાયબ્રેરી પાછળ, – હિમાન્શુ એસ. પોટા, લક્ષ્મીનારાયણ મંદિર, ગોપનાથ પ્લોટ અથવા મહેશભાઈ ડી. વૈશ્નવ 'ચંદ્રાસ્મૃતિ' આશાપુરા સોસાયટી,છાયા ચોકી રોડ, પોરબંદરનો સંપર્ક કરી શકે છે. ચેક અથવા ડ્રાફ્ટ 'પોરબંદર નાગર જ્ઞાતિ કલ્યાણનિધિ ફંડ'ના નામનો ઉપરોકત સરનામે મોકલી શકો છો.

જામનગર : અત્રેની હરિયા કોલેજ આયોજીત રાસોત્સવ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફની ગરબા હરિફાઈમાં કુ. અમિષા એસ. રાણા પ્રથમ અને કુ. ધરા યોગેશ પોટા દ્વિતીય વિજેતા થયાં.

☺ અત્રેના ફિઝીશ્યન ડો. કેયૂર જીતેન્દ્ર બક્ષીએ તેઓના પુત્ર હર્ષ બક્ષીને મેડીકલ કોલેજમાં પ્રવેશ મળતાં દ્વારકા ખાતેના દ્વારકાધીશ મંદિરમાં શીખર ઉપર કુટુંબીજનો, સ્નેહીઓ, શુભેચ્છકોની ઉપસ્થિતિમાં નૂતન ધ્વજા આરોહણ કર્યું.

☺ ડો. ભરતભાઈ બક્ષીના નિવાસસ્થાને છેલ્લા ૪૦ વર્ષથી દર અઠવાડીયાના દિવસ શ્રી જનકભાઈ માંકડ દ્વારા રામાયણ, ભાગવત તથા અન્ય ધાર્મિક વિષયક સત્સંગ કરવામાં આવે છે. જેનો કુટુંબીજનો લાભ પણ લઈ રહયાં છે.

☺ જામનગરની પ્રથમ ક્રમમાં ગણના થાય છે તેવી 'મા શકિત'૨૦૧૦ જેસીઆઇના મેગા ગરબા મહોત્સવમાં શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ નવરાત્રી દરમ્યાન સમગ્ર કાર્યક્રમનું આગવી શૈલીમાં સંચાલન કર્યું હતું. જે બદલ સંસ્થા તરફથી રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત તેઓએ સુમેર સ્પોર્ટસ કલબ ખાતે નવરાત્રિ ઉત્સવ દરમ્યાન પાંચમા નોરતે નિર્ણાયક તરીકે સેવા આપી સંસ્થા તરફથી મોમેન્ટો અને સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ.

☺ શ્રી મંડળનું સ્નેહમિલન હાટકેશ્વર હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. સોનલ નાણાવટી અને કારોબારીના સભ્યોની જહેમતથી તંબોલા, અંતાક્ષરી, વેલડ્રેસ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. 'લાસ્ટ'માં 'ડીનર' લઈ 'લાર્જ' સંખ્યામાં ઉપસ્થિત બહેનો 'રીટર્ન' થયેલ.

☺ શ્રી જામનગર મહિલા બેંકના જનરલ મેનેજર શ્રી મનોજ નાણાવટી મુંબઈ સ્થિત નેશનલ એજ્યુ. મેનેજમેન્ટ દ્વારા એમ.બી.એ. (બેંકીંગ મેનેજમેન્ટ સિસ્ટમ વિષય સાથે)માં એ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા.

☺ ગોધરા ખાતે 'નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર' ખાતે વર્ગ–૨ અધિકારી તરીકે ફરજ બજાવતા અત્રેના શ્રી અભિષેક રમેશભાઈ વછરાજાનીની તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજરાત રાજ્યના કલેકટરો તથા માહિતી ખાતાના પદાધિકારીઓ સાથેના પરિસંવાદ માટે પસંદગી કરવામાં આવેલ.

☺ જામનગર વડનગરા નાગર જ્ઞાતિ તરફથી તા. ૨૪/૧૧ના રોજ બાલમંદિરથી કોલેજ કક્ષાના પ્રથમ ત્રણ સ્થાને આવેલ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ પ્રા. આનંદભાઈ મહેતાના પ્રમુખ પદે યોજાય ગયો.

☺ અ. ભા. ના. પરિષદના ઉપક્રમે તા. ૨૩/૧૦ના રોજ સાંજે ૬ થી ૯ હાટકેશ હોલમાં શરદોત્સવ અંતર્ગત ડો. આરોહી મહેતાના પ્રમુખ સ્થાને બાળકોના ફેન્સીડ્રેસ, ભાઈઓ બહેનોના રાસ ગરબાનું આયોજન કરવામાં

આવ્યું હતું. ભાગ લેનાર દરેકને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

☺ તા. ૫/૧૨/૧૦ના રોજ ઈન્ડીયન એસોશીએશન ઓફ એકયુપેશન હેલ્થ કોન્ફરન્સ યોજાય ગઈ. જેમાં દાયકાઓથી આજ પર્યંત ૮૩ વર્ષની વયે પણ દર્દીઓની સેવા સુશ્રુષામાં રત ડો. વામનભાઈ માંકડ તથા ડો. સનતભાઈ વસાવડાનું તેઓની તબીબી ક્ષેત્રે દીર્ઘકાલીન સેવાઓ બદલ શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સ્તુત્ય સન્માન કરવામાં આવ્યું.

☺ મા. શકુન્તલાબેન મજમુદાર અને મા. જયશ્રીબેન રીંડાણી સાથે તેમનો પરિવાર રક્ષેશ મજમુદાર, શ્રીમતી મીનાબેન મજમુદાર, પ્રકાશ રીંડાણી, કેયુર રીંડાણી અને બાળકો સમેત ૧૧ વ્યકિત સીમલા, કુલુ મનાલી, ડેલહાઉસી, અમૃતસર સ્થળોના પ્રવાસે જઈ આવ્યા.

રાજકોટ : કુ. વાણી ધીરેન્દ્ર માંકડ બેંગલોર ખાતે ઈન્ફોસીસ કંપનીમાં જોડાયાં.

☺ લાયોનેસ કલબ મેઈનના પ્રમુખ કુ. પારૂલ જસમીનભાઈ દેસાઈનું તેઓની સામાજીક પ્રવૃત્તિઓને લક્ષમાં લઈ સીતારામ સેવા ટ્રસ્ટ અને રઘુવંશી સંસ્કાર મંડળ તરફથી 'શ્રેષ્ઠ નારી રત્ન' અંતર્ગત સન્માન કરવામાં આવ્યું.

☺ જ્યોત રશેષભાઈ બુચ બી.ઇ. (આઇસી) સેમે.-૧માં A+ સાથે ઉત્તીર્ણ થયા.

☺ અત્રેના શ્રી બંકીમ પ્રદ્યુમ્નભાઈ (પ્રખર જ્યોતિષવિદ્) વૈશ્નવનાં પુત્રી કુ. મેઘા વૈશ્નવ તાજેતરમાં લેવાયેલ બી.ડી.એસ.ની પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયાં અને વડોદરા ખાતે પોતાના કાર્યક્ષેત્રનો આરંભ કર્યો.

☺ વડનગર ખાતે દર વર્ષે નરસિંહ મહેતાનાં દોહિત્રી શર્મિષ્ઠાની પુત્રીઓ તાના-રીરીની સ્મૃતિમાં કારતક સુદ નોમના ગુજરાત સરકાર તરફથી 'તાનારીરી મહોત્સવ' યોજવામાં આવે છે. આ વર્ષે તા. ૧૫/૧૧ના યોજવામાં આવેલ આ 'તાનારીરી મહોત્સવ'માં સપ્તક સંસ્થાના ઉપક્રમે શ્રીમતી મંજુબેન નંદનભાઈ મહેતા નિર્દેશીત સમૂહ સિતારવાદનમાં અત્રેના અમી યોગેશભાઈ વૈશ્નવે ભાગ લીધો.

☺ યાત્રિક વિરલ વસાવડાએ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન તથા અન્ય સંસ્થાની ફ્રી સ્ટાઇલ ગરબા સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવી ઈનામ મેળવ્યું.

☺ શ્રીમતી નીતા વિરલ વસાવડાએ જ્ઞાતિની તેમજ ઈતર જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપી.

☺ શ્રીમતી દર્પણા ચૈતન્યભાઈ અંજારીયાએ નવરાત્રી દરમ્યાન 'આજકાલ' દૈનિક, પટેલ કર્મચારી મંડળ, અકીલા પાયોનીયર તથા અ.ભા.ના.પરિષદ દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપી.

☺ આકાશવાણીના નારીજગત કાર્યક્રમમાં આરાધના વૃંદે વૈવિધ્યસભર કાર્યક્રમ રજૂ કર્યો.

☺ આરાધના વૃંદના પ્રમુખશ્રી રક્ષા પોટા તથા મંત્રી નીશા જોષીપુરાની યાદી અનુસાર નવરાત્રિ દરમ્યાન હોબીસેન્ટર ખાતે સમૂહ સ્થાપન તેમજ સભ્ય બહેનોના નિવાસસ્થાને વૃંદના ગરબા રાખવામાં આવેલ. આ દરમ્યાન સરપ્રાઈઝ પ્રશ્નોત્તરી યોજી ભેટ આપવામાં આવી હતી તેમજ ગરબા તથા આરતિ સુશોભન સ્પર્ધા યોજવામાં આવેલ.

☺ 'બાલભવન' તથા રેલ્વે ઇન્સ્ટયુટ દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધામાં શ્રીમતી રક્ષા પોટાએ નિર્ણાયક તરીકે સેવા આપેલ.

☺ અત્રેના બ્રીજ શૈલેષ ઢેબર યુએસએ. સ્થિત કોગ્નીઝન્ટ કંપનીમાં કિલનીકલ રીસર્ચ ડીવીઝનમાં મુંબઈ ખાતે જોડાયા.

☺ શ્રી હિમાંશુભાઈ રાણા દ્વારા અધ્યાત્મ અને તત્વચિંતનનું સંકલન કરી પ્રકાશિત કરાયેલ પુસ્તક 'પંચામૃત'ની આવકમાંથી તેઓની નેમ પૈકીની રૂા. ૮૩૫૧/-રોકડ રકમ જુવેનાઇલ ડાયાબીટીસ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અમૂલભાઈ દોશીને તા. ૧૩/૧૧ના રોજ એન્જીનીયરીંગ હોલ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં અર્પણ કરી સ્તુત્ય કાર્ય કર્યું.

☺ દીવ્યભાસ્કર તથા એરટેલ કંપનીના ઉપક્રમે સ્થાનિક ઇન્ટર કોલેજના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ સોલો સીંગીંગ તથા ગ્રુપ ડાન્સ સ્પર્ધામાં કુ. નેહલ બાલેન્દુભાઈ મહેતાએ પ્રથમ સ્થાન મેળવી મોમેન્ટો મેળવ્યો.

☺ અત્રેના ડો. ચંદ્રકાંતભાઈ તથા સ્વ. કામાક્ષી(બબલુ)બેન છાયાના સ્મર્ણાર્થે રાજકોટની સવાણી હોસ્પિટલમાં માતબર રકમનું અનુદાન આપવામાં આવેલ હોવાથી જરૂરીયાતમંદ જ્ઞાતિજનો ડાયાલીસીસ તથા કિડનીના અન્ય રોગોની સારવાર રાહત દરે કરાવી શકે છે. જે માટેના ડીસ્કાઉન્ટ વાઉચર સમીર વસાવડા ૦૨૮૧- ૨૭૭૮૪૦/૯૯૨૫૦૧૫૮૦૭નો સંપર્ક કરી મેળવી શકે છે.

☺ શ્રીમતી કલ્પનાબેન તથા સુબોધભાઈ બક્ષી સીમલા, કુલુ મનાલી, વૈશ્નવીદેવી, રોહતાંગના પ્રવાસે જઈ આવ્યા.

☺ અત્રેના શ્રી હર્ષિત કપીલભાઈ વસાવડા કસ્ટમ્સ ઓફીસમાં સુપ્રિટેન્ડન્ટ વર્ગ-૨ અધિકારી તરીકે બઢતી સાથે નિમાયા. તેઓની ઓફીસ સમય દરમ્યાન ગેઝેટેડ ઓફીસર તરીકે 'ટ્રુ કોપી'ની સેવાઓ કોઈપણ જ્ઞાતિજન મેળવી શકશે.

જૂનાગઢ : સમસ્ત વડનગરા નાગરી પરિવારનું નૂતન વર્ષનું સ્નેહમિલન તા. ૧૪/૧૧/૧૦ રવિવારના રોજ મોતીભવન ખાતે યોજાય ગયું. જેમાં જ્ઞાતિના જાણીતા કલાકારોએ સંગીતની રસલ્હાણ પીરસેલ. પ્રમુખશ્રી અને હોદેદારોએ સૌને શુભકામના પાઠવ્યા બાદ ભોજન માણી સૌ છૂટા પડેલ.

☺ કુ. જલ્પા ઓઝાએ શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળ આયોજીત ઓપન નિબંધ સ્પર્ધામાં પ્રથમ પારિતોષીક મેળવ્યું. આ ઉપરાંત સ્નાતિકા મિલન અને મધર ડેરી આયોજીત વાનગી સ્પર્ધામાં પણ ઈનામ અને પ્રમાણપત્ર મેળવ્યાં.

☺ અત્રેના ચિંતન વૈશ્નવ સંચાલિત જય કેરિઅર એકેડેમીના આઠ વિદ્યાર્થીઓ પીએસઆઈ બનવામાં સફળ થયા.

☺ નવરાત્રી દરમ્યાન શ્રીમતી મીનાબેન વૈશ્નવ લેઉવા પટેલ સમાજ કેશોદ ખાતે તથા ગૂંજન (કડવા પટેલ સમાજ)જૂનાગઢ ખાતે આયોજીત રાસ ગરબામાં નિર્ણાયક તરીકે સેવા આપી.

☺ શ્રી હરીશભાઈ વૈશ્નવે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા જૂનાગઢ જીલ્લા આયોજીત બાલઉત્સવમાં એકપાત્રિય અભિનય સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી.

ભુજ : ગ્રામવિકાસ એજન્સીના નિયામકના પી.એ. તરીકે સેવા બજાવતા શ્રી પરેશ ઉમાકાન્ત વૈશ્નવ પૂર્વ કચ્છના ડીએસપીના પી.એ. તરીકે નિમાયા.

વડોદરા : ૪૦-૫૦ના દશકમાં રાજકોટ ખાતે કાર્યરત હાટકેશ વ્યાયામ સંઘના સભ્યોનું સ્નેહહિલન શ્રીમતી નિખીલાબેન મંકોડી-વસાવડાના નિવાસસ્થાને તા. ૨૮-૧૧-૧૦ના રોજ યોજવામાં આવ્યું હતું. જેમાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શરૂઆતમાં શ્રી વિપીનભાઈ બુચે તમામ

સભ્યોને આવકારી જૂની યાદો તાજી કરી હતી. અન્ય સભ્યોએ પણ વાગોળીને રમતો પણ રમ્યા. યાદોની આ બારાતમાં અમુક સભ્યો ૩૦-૩૫ વર્ષે મળવા છતાં જાણે ગઈ કાલેજ મળતા હોય તેમ ભાવવિભોર થયા હતા.ફરી મળવાના કોલ સાથે શ્રી વિપીનભાઈ બુચ, પરાશર દ્વિવેદી તથા નિખીલાબેનના સુંદર આયોજનમાં પીરસાયેલ સ્વાદિષ્ટ રાત્રીભોજન લઈ સૌ છૂટા પડયા હતા.

☺ જ્વલંત બુચ અમદાવાદ ખાતે રીલાયન્સ રીટેઇલ લી.માંથી ટાટા ગ્રુપના વોલ્ટાસ લી. સીએચએસસી પ્રોજેકટમાં ઉચ્ચ હોદ્દે નિયુકત થયા.

☺ અત્રે UHDE India Ltd.માં કાર્યરત શ્રી હેમાંગ નીલકંઠભાઈ અંતાણીએ ડે. જનરલ મેનેજર તરીકે બઢતી મેળવી.

☺ બંદીશ જતીન ઝાલા બી.ડી.એસ.ના પ્રથમ વર્ષમાં ૬૮% સાથે જામનગર ડેન્ટલ કોલેજમાં ત્રીજું સ્થાન મેળવી ઉત્તીર્ણ થયા.

☺ સ્થાનિક જ્ઞાતિજનો A+ve રકત માટે શ્રી સંજય સ્વાદિયાનો (મો. ૯૪૨૬૯૧૨૩૮૩)નો સંપર્ક સાધી શકે છે.

☺ અ.ભા.નાગર પરિષદ વડોદરા શાખા તરફથી આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે. હાથીનું ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ પ્રવૃત્તિ, સામાજીક તથા આરોગ્ય સેવા, ઇટીવીના હાસ્યકલાકાર તરીકે અવિરત સેવા બદલ જ્ઞાતિ અગ્રણી શ્રી મૌલિનભાઈ વૈશ્નવ તથા સંસ્થા પ્રમુખશ્રી સંજયભાઈ માંકડ દ્વારા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું....એક સમયે વિનુ માંકડનું સન્માન જયસુખભાઈ હાથીએ કરેલ આમાં હાથીનું સન્માન માંકડે કર્યું તેવો દાખલો બેઠો.

☺ અત્રે તા. ૧૫/૧૦ના રોજ રાજ્ય સરકારના વનવિકાસ નિગમ લી.ના ધન્વન્તરિ પ્રોજેકટના ટેકનીકલ એડવાઇઝર આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે. હાથીનો દૂરદર્શનની ગીરનાર ચેનલ પર થી 'જાગૃતિ' કાર્યક્રમ અંતર્ગત 'તબીબી સારવાર અને દર્દીની જાગૃતિ' વિષય ઉપર માહિતીપ્રદ સાક્ષાત્કાર (ઈન્ટરવ્યુ) પ્રસારિત થયો. ડો. હાથી ૧૦ વર્ષથી 'કન્ઝયુમર પ્રોટેકશન એડવાઈઝર' તરીકે સેવારત છે.

☺ નવેમ્બર માસ દરમ્યાન ડો. રાજેન્દ્ર હાથીના આકાશવાણીના પ્રકૃતિ કાર્યક્રમમાં પર્યાવરણ વિષયક લઘુ વાર્તાલાપો પ્રસારિત થયા. તેઓની વિશિષ્ટ શૈલી અને ઉત્તમ વકતા બદલ ગ્રાહક સુરક્ષા શિબિરના વકતા તરીકે રાજ્ય સરકાર તરફથી પસંદગી કરવામાં આવી.

☺ અ.ભા.નાગર પરિષદ વડોદરા શાખા તરફથી ચિ. દિવત ગૌરાંગ છાયા (ઉ. ૧૪)નું સ્કાઉટ ગાઈડમાં ઉત્તમ સેવા બદલ ગવર્નર એવોર્ડથી સન્માનિત થવા બદલ પુરસ્કાર આપી બહુમાન કરવામાં આવ્યું.

☺ અ.ભા.નાગર પરિષદ વડોદરા શાખા તરફથી ચિ. હિમશ્રી ગૌરાંગ છાયાનું ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ કથ્થક વિશારદની પરીક્ષામાં ૬ ગોલ્ડમેડલ પ્રાપ્ત કરવા બદલ પુરસ્કાર આપી બહુમાન કરવામાં આવ્યું.

અમદાવાદ : અત્રે છેલ્લા પાંચ વર્ષથી સમાજસેવાના ઉદ્દેશથી આર્થિક રીતે અતિ નબળા વર્ગના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આપી રહેલ બુચ દંપતી- દિપકભાઈ- મંજરીબેન બુચનું 'કચ્છ સૌરાષ્ટ્ર વ. ના. મંડળ' દ્વારા તા. ૧૪/૧૧ના રોજ દિપોત્સવી સ્નેહ સંમેલનમાં ૮૫૦ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નોંધ લેવી ઘટે કે આજે તેઓ 'દાદા દાદીની વિદ્યા પરબ'માં ૧૨૦ વિદ્યાર્થીઓને 'ભાર વગરનું ભણતર' આપી રહયા છે.

☺ શ્રીમતી મંજરી મલય વૈશ્નવ કચ્છી મહિલા સમાજ દ્વારા નવરાત્રિ દરમ્યાન યોજાયેલ ગરબા હરિફાઈમાં સ્ત્રીનિકેતન પાલડીમાં વેલડ્રેસ, લાયન્સ કલબના ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવી મોમેન્ટો એનાયત થયા.

☺ શ્રીમતી શૈલજા પ્રતિક બુચને ટ્રી હાઉસ સ્કૂલમાં સેન્ટર હેડ તરીકે બઢતી મળી.

☺ મનિષ બી. કિકાણી વોડાફોનમાં વડોદરા થી અમદાવાદ બદલાયા.

☺ શ્રી બીપીનભાઈ કિકાણી સપરિવાર મુંબઈ દર્શન, ઔરંગાબાદ, શીરડી, નાસીક, સાપુતારા, ડાકોર વગેરે સ્થળોના યાત્રા પ્રવાસે જઈ આવ્યા.

☺ ડો. હરિસિધ્ધ કૌસ્તુભરાય મજમુદારના પુત્ર મનન મજમુદાર કોટક મહેન્દ્ર બેંક મણિનગર ખાતે બ્રાંચ ઓપરેટીંગ મેનેજર તરીકે જોડાયા.

તા. ૨૨-૪-૧૧ના ચોકકસ ઉપડે છે...

હરિદ્વાર-ઋષિકેશ-મસુરી દિવસ-૫

નૈનિતાલ-કોર્બેટપાર્ક-મસુરી દિવસ-૧૦

રેલ્વે ટીકીટ, ૨X૨ બસ, હોટલ, ચા-નાસ્તા, ભોજન વ. વ્યવસ્થા સાથે અનુક્રમે વ્યકિતદીઠ
રૂા. ૪૫૦૦ અને રૂા. ૧૦,૫૦૦/

૯૦ દિવસ અગાઉ રેલ્વે બુકીંગ કરાવવાનું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે **૧૫ જાન્યુઆરી** સુધીમાં બુકીંગ લેવામાં આવશે.

વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો...

હિતેષભાઈ ધોળકિયા -

M. 9374471003 Ph. 079-30152603

૩૪ ,પાર્શ્વનાથ ટાવર, શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરની બાજુમાં, સુભાષ ચોક, અમદાવાદ.

Money & Honey never gives you bitter Save Money Live better Life

વર્ષ ૨૦૧૧ની પૂર્વ સંધ્યાએ આપ સૌ જ્ઞાતિજનોને નવા વર્ષના અભિનંદન...

૮મા વર્ષમાં મંગલ પ્રવેશ

સાંઈ ઈન્વેસ્ટમેન્ટ

હર્ષલ અંજારીયા-૯૫૮૬૫૦૮૫૦૦

- **લાઈફ ઈન્સ્યુરન્સ**
- **મ્યુચ્યુઅલ ફંડ**
- **પોસ્ટલ સેવિંગ્સ**
- **૯% સિનિયર સીટીઝન**

કેન્દ્ર સરકારની નવી પેન્શન યોજના આવી ગયેલ છે.

'આસોપાલવ'ઈન્કમટેક્ષ સોસાયટી,
રૈયા રોડ, રાજકોટ.

ફોન : ૦૨૮૧-૨૪૭૧૩૪૦

ફોટોગ્રાફીમાં વર્ષોના અનુભવી ફોટોગ્રાફર દ્વારા વ્યાજબી ભાવથી ડીજીટલ ફોટોગ્રાફી કરાવી આપના શુભ અવસરોને યાદગાર બનાવો....

સંપર્ક કરો :

ચીન્ટુ ફોટોગ્રાફી

ભરતભાઈ વૈશ્નવ :

મો. ૯૪૨૭૨૧૪૯૭૮

'અભિષેક' નીલકંઠનગર મેઈન રોડ,
ગોવર્ધન ડેરી પાસે,
યુનિ. રોડ, રાજકોટ.

* * * લગ્ન વિષયક જાહેરાત * * *

(નીચેના પાત્રોના ફોન નંબર મેળવવા (રવિવાર સિવાય) સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો. શરતચૂકથી આંકડામાં ભૂલ રહી શકે છે ત્યારે બંને પક્ષના લાભ માટે નીચેની જાહેરાત માંથી પોતાની જાહેરાત જણાય તેઓને કાર્યાલયે ફોન કરી અહીંથી આપવામાં આવતા નંબર બરાબર આપવામાં આવે છે ને? તે ચકાસી (ચેક) લેવા વિનંતી છે. જાહેરાત એક જ વાર આપવામાં આવે છે . સગાઈ થઈ જાય તો કાર્યાલયને જે તે નંબર રદ કરવા જાણ કરવાની તસ્દી લેવા વિનંતી છે. -તંત્રી.)

(૧) એમ.બી.એ., જ. ૫/૧૯૮૬, ઉંચાઈ ૪'.૧૧"/૫૫ કિ.ગ્રા. સર્વશિક્ષા અભિયાન મિશન ગાંધીનગર ખાતે નોકરી કરતી ભારદ્વાજ ગોત્રની કન્યા (નિર્દોશ મંગળ)ને યોગ્ય યુવક. સંપર્ક : ૦૭૯-

(૨) બી.ઈ. (ઇલે.) જ. ૯/૮૬, ઉંચાઈ ૫'.૬"/૬૦ કિ.ગ્રા. શીપયાર્ડ કંપનીમાં નોકરી કરતી ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક.સંપર્ક : ૦૭૯-

(૩) બી.કોમ., કોમ્પ્યુટર કોર્ષ, જ. તા. ૭/૧૯૭૮ માંગલિક કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૭૧૭-૨૩૫૯૫૮

(૪) બી.કોમ., જ. તા. ૫/૧૯૭૬/૬૫ કિ.ગ્રા. સાંકયસ ગોત્રની કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૫) બી. કોમ., બી.એસ. (યુ.એસ.) જ. ૯/૧૯૮૬, ઉંચાઈ ૫'.૬" ઔક્ષણસ ગોત્રની ગ્રીન કાર્ડ ધરાવતી કન્યાને (ભારતમાં સ્થાયી થવામાં બાધ નથી) સમકક્ષ યુવક. સંપર્ક : ૦૭૯-

(૬) એમ.બી.એ., ૩૩ વર્ષ, ૫'.૮" ઉંચાઈના, બેંગલોર ખાતે ઉચ્ચ હોદે નોકરી કરતા નિર્દોષ છૂટાછેડા લીધેલ માંગલિક યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૦૮૦-

(૭) એમ.કોમ., જ. ૯/૧૯૮૫, ૫.'૭" ઉંચાઈ, રેલ્વે પ્રોટેકશન ફોર્સમાં નોકરી કરતી પાણ્યાનસ ગોત્રની કન્યાને યોગ્ય યુવક.(એક સગાઈ બે જ માસમાં ફોક કરેલ છે) સંપર્ક : રાજકોટ મો.

(૮) બી.બી.એ., એમ.બી.એ., આઇટી જ. ૩/૧૯૮૨ ઉં. ૫'.૧૧" પૂનાની ઇન્ટરનેટ માર્કેટીંગ કપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા કાશ્યપ ગોત્રના યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૨૬૪૬-

(૯) બી.એ., કોમ્પ્યુટર જ. ૮/૧૯૮૫ પ્રા. લી. કંપનીમાં પી.આર. એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૨-

(૧૦) બી.કોમ., ડી.ફાર્મ જ. ૧/૧૯૮૩ ઉંચાઈ ૫'.૯"/૬૮ કિ.ગ્રા. ભાવનગર ખાતે એમ. આર તરીકે નોકરી કરતા ગાંગ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૧૧) બી.એસસી.,એમ.એસસી., એમસીએ. જ. ૫/૮૦ ઉંચાઈ ૫'.૯"/૬૫કિ.ગ્રા. ટ્રાન્સલેટર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૯૨-

(૧૨) બી.એસસી.(હો.સા.) જ. ૬/૧૯૮૭ ઉંચાઈ ૫'.૫"/૪૮ કિ.ગ્રા. સુરત ખાતે નોકરી કરતી ભારદ્વાજ ગોત્રની વિસનગરા કન્યાને યુવક. સંપર્ક : સુરત મો.

અનંતના યાત્રીઓ :

● જ્ઞાતિને સારા-માઠા પ્રસંગે જ્ઞાતિગોર તરીકે અનન્ય સેવાઓ આપનાર વ.ના.બ્રા. શ્રી હરકાંતભાઈ માધવલાલ ત્રિવેદીનું ૭૬ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન. ● ગં. સ્વ. કોકીલાબેન અજીતરાય માંકડનું ૮૦ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન. ● સુ.શ્રી પ્રતિભા શંભુપ્રસાદ બુચનું રાજકોટ ખાતે.● વિભાકર એસ. બુચનું જામનગર ખાતે ૪૯ વર્ષની વયે જામનગર ખાતે અવસાન. ● ગં. સ્વ. સરોજબેન એ. ઓઝાનું જામનગર ખાતે અવસાન. ● ગં. સ્વ. જયવિદ્યાબેન તનસુખરાય માંકડનું ૮૩ વર્ષની વયે જામનગર ખાતે. ● ભુજ ના પદ્માકાંતભાઈ માનશંકર રાણાનું ૭૨ વર્ષની વયે અમદાવાદ ખાતે. ● વિરાટકુમાર ધનસુખરાય મહેતાનું ૬૪ વર્ષની વયે ભાવનગર ખાતે. ● ગં. સ્વ. તરલીકાબેન સુરેન્દ્રભાઈ ઓઝાનું ૭૬ વર્ષની વયે નવસારી ખાતે. ● શ્રીમતી નીલાબેન બુચનું ૭૩ વર્ષની વયે જૂનાગઢ ખાતે. ● સુધાકરભાઈ ઉછરંગલાલ માંકડનું ૬૪ વર્ષની વયે પોરબંદર ખાતે. ● દક્ષેશભાઈ સગુણરાય નાણાવટીનું ૬૦ વર્ષની વયે વડોદરા ખાતે. ● શ્રીમતી હરબાળાબેન માર્કંડભાઈ ઢેબરનું ૯૦ વર્ષની વયે વડોદરા ખાતે. ● અરવિંદભાઈ નવનીતરાય વૈશ્નવનું જૂનાગઢ ખાતે. ● નરેન્દ્રરાય કેશવરાય છાયાનું ૮૬ વર્ષની વયે રાજકોટ ખાતે. ● જ્યોતિષભાઈ સત્યવંતરાય રાણાનું ૮૫ વર્ષની વયે વડોદરા ખાતે. ● સૂર્યકુમારી ભૂપેન્દ્રરાય વોરાનું ૯૨ વર્ષની વયે ભુજ ખાતે. ● ધીરેન્દ્ર બેચરલાલ છાયાનું ૬૦ વર્ષની વયે ભુજ ખાતે. ● રંજનબેન ધનસુખરામ પાઠક નું ૮૯ વર્ષની વયે ભુજ ખાતે.● જયવિદ્યાબેન મધુસુદનભાઇ છાયાનું ૮૧ વર્ષની વયે રાજકોટ ખાતે.

'મરણ કરતાં સ્મરણ વધારે બળવાન છે'

– બાળક જન્મે છે ત્યારે માતા બે હાથમાં એને લઈને ઘરમાં પ્રવેશે છે અને જઈએ છીએ ત્યારે ચાર ખભ્ભા પૂરતા છે.

– પાંચ તત્વોનું મળવું એ જીવન છે, છૂટા પડવું તે મરણ છે.– બીજાને અસમાધિમાં નિમિત્ત ન બનીએ એટલા માત્રથી આપણું કામ પતી જતું નથી, બીજાને ભરપૂર સમાધિ આપવાની જવાબદારી પણ આપણે અદા કરવાની છે.

–'સઅભિનવ'માં રહેલી આપની શ્રધ્ધા શકિત જ અમારૂં રક્ષણ કરશે.

– ડો. નરેન્દ્રભાઈ વસાવડા પરિવારની ખિલવણી-જાળવણીમાં એમનું અમૂલ્ય યોગદાન...

આપ સૌનો સધિયારો એજ અમારી હૂંફ...

હંસાબેન નરેન્દ્રભાઈ વસાવડા
અજય નરેન્દ્રભાઈ વસાવડા

આપના શુભ પ્રસંગોને કાયમી સંભારણું બનાવવા...
વિડીયોશુટીંગના અનુભવી,
મીકસીંગ એડીટીંગ તેમજ પ્રસંગોને અનુરૂપ ગીત સંગીતથી મઢેલી વિડીયોગ્રાફી વ્યાજબી ભાવથી કરાવવા સંપર્ક કરો :

સહકાર
વિડીયોટ્રોનીકસ

સતીષ મહેતા :
મો. ૯૮૭૯૩૩૩૫૧૩
૯૦૩૩૨૬૪૧૬૨